# IM ગોપનીયતા નીતિ

## આ Ipsos MORI સર્વે અને તમારો અંગત ડેટા

- યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર એવિડન્સ ઑન ઈક્વૉલિટી નેશનલ સર્વે (સમાનતાના પ્રમાણનો રાષ્ટ્રીય સર્વે) : ડૉક્યુમેન્ટિંગ લાઇવ્ઝ ઑફ રિલિજિયસ એન્ડ એથનિક માઇનૉરિટીઝ ઇન અ ટાઇમ ઑફ ક્રાઇસિસ (સંકટના સમયે ધાર્મિક અને મૂળવંશીય લઘુમતિઓના જીવનનું દસ્તાવેજીકરણ (20-089809-01).
- આ ગોપનીયતા સૂચના સમજાવે છે કે અમે કોણ છીએ, અમે કયો અંગત ડેટા એકત્રિત કરીએ છીએ, અમે તેનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ, તેને કોની સાથે શેર કરીએ છીએ અને તમારા કાયદાકીય અધિકારો કયા છે. આમાં ટૂંકો ભરતીનો સર્વે અને વધુ લાંબો મુખ્ય સર્વે બંનેને આવરી લેવાયા છે.
- તમે તેમની સાથે શેર કરવા માટે સંમત થશો તેવા કોઇપણ અંગત ડેટાનો તેઓ કેવી રીતે ઉપયોગ કરશે તેની વિગતો માટે કૃપા કરીને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરની સહભાગિતા માહિતી પત્રિકા અને ગોપનીયતા નીતિ જુઓ. આ માહિતી અમારા સર્વે માટે મદદના પેજ પરથી મળી શકશે: evenssurveyinfo@ipsos-mori.com . જો તમે ટેલિફોન દ્વારા આ સર્વે પૂરો કરી રહ્યા હો, તો તમે સર્વેમાં ભાગ લો તે પહેલા તમને તે માહિતી વાંચી સંભળાવવામાં આવે તેવી માંગણી કરી શકો છો.

## Ipsos MORI વિશે

- Market & Opinion Research International Limited (માર્કેટ એન્ડ ઓપિનિયન રીસર્ચ ઇંટરનેશનલ લિમિટેડ) યૂકેમાં સ્થિત એક વિશેષજ્ઞ સંશોધન એજન્સી છે, જેને સામાન્ય રીતે "Ipsos MORI" (ઇપ્સૉસ મોરી) કહેવામાં આવે છે. Ipsos MORI એ Ipsos વિશ્વવ્યાપી કંપનીઓનાં જૂથનો એક ભાગ છે અને બજાર માર્કેટ રીસર્ચ સોસાયટીની સભ્ય છે. આમ અમે માર્કેટ રીસર્ચ આચાર સંહિતા અને સંબંધિત નિયમનો અને માર્ગદર્શિકાઓનું પાલન કરીએ છીએ.

## યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર વિશે

- યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરની સ્થાપના 1824માં કરવામાં આવી હતી અને તે બ્રિટનની સૌથી મોટી એકજ સાઇટ ધરાવતી યુનિવર્સિટી છે. અનેક પ્રકારના જુદા-જુદા ડિગ્રી પ્રોગ્રામો અને વિકલ્પો પૂરા પાડવા ઉપરાંત, આ યુનિવર્સિટી સાર્વજનિક નીતિને પ્રભાવિત કરવા માટે રાષ્ટ્રીય અને અંતર્રાષ્ટ્રીય સ્તરના સંશોધનનાં પ્રોગ્રામો હાથ ધરે છે.

## તમારા અંગત ડેટા પર પ્રક્રિયા કરવા માટે Ipsos MORIનો અને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરનો કાયદાકીય આધાર શું છે?

- Ipsos MORI અને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર ("ક્લાયંટ") પાસે તમારા અંગત ડેટા પર પ્રક્રિયા કરવા માટે કાયદાકીય આધાર હો જરૂરી છે.
  - પ્રક્રિયા માટેનો Ipsos MORIનો કાયદાકીય આધાર છે આ સંશોધન અભ્યાસમાં ભાગ લેવા માટેની તમારી સંમતિ અને તમારો અંગત ડેટા ક્લાયંટને પૂરો પાડવા માટેની તમારી સંમતિ. જો તમે કોઈપણ સમયે તમારી સંમતિ પાછી ખેંચવા માંગો, તો કૃપા કરીને નીચેના "તમારા અધિકારો"ને આવરતો વિભાગ જુઓ.
  - લોકહિત (GDPRની કલમ 6) તમારા ડેટા પર પ્રક્રિયા કરવા માટેનો યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરનો આધાર છે. આનો અર્થ છે કે પરિણામોનો ઉપયોગ સંશોધનકારો દ્વારા સમાજમાં સારા પરિણામો માટે ફેરફારો કરવામાં મદદરૂપ થવા માટે પુરાવા તૈયાર કરવા માટે કરવામાં આવશે.

## તમે પ્રદાન કરો છો તે સર્વે પ્રતિસાદો સહિત, તમારા વ્યક્તિગત ડેટાનો Ipsos MORI કેવી રીતે ઉપયોગ કરશે?

- સૌ પહેલા, Ipsos MORI તમારા અંગત ડેટા અને જવાબોને આ ગોપનીયતા સૂચના અનુસાર સંપૂર્ણપણે ખાનગી રાખશે અને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર દ્વારા તોજ ઓળખાઈ શકશો, જો તમે સંમતિ આપો (આ મુખ્ય સર્વેના અંતે તમને પૂછવામાં આવશે કે શું તમે તેમ કરવામાં આવે તે માટે રાજી છો). આમાં એકમાત્ર અપવાદ એ છે કે જો તમે ટેલીફોન ઇંટરવ્યૂ દરમિયાન અથવા અમારા મેઇલબૉક્સમાં એવો ઈમેલ મોકલો જેમાંથી એમ જાણવા મળે કે તમે પોતાની જાતને કે બીજાઓને નુકસાન પહોંચાડવા જઈ રહ્યા છો, તો આના વિશે તમારી સાથે ચર્ચા કરવામાં આવશે અને શક્ય છે કે આગળના પગલાં - પોલિસ, એમ્બ્યુલન્સ કે સોશિયલ સર્વિસનો સંપર્ક કરવો - લેવાની જરૂર પડી શકે.
- ભરતી સર્વે અને મુખ્ય સર્વે બંનેના પ્રતિભાવો આપવા સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે અને તમે આપેલ કોઈપણ જવાબો તમારી સંમતિ છે, અને તમને કોઈપણ સમયે તમારી સંમતિ પાછી ખેંચવાનો અધિકાર છે.
- **ભરતી સર્વે:**
  - ભરતી સર્વેની શરૂઆતમાં તમને પૂછવામાં આવશે કે શું તમે આ અંગત ડેટા આપવા સંમત થાવ છો: ઉંમર, લિંગ, સ્થળ, મૂળ વંશ અને ધર્મ. ડેટાનો ઉપયોગ માત્ર સંશોધનના ઉદ્દેશ્યોથી કરવામાં આવશે અને તેને Ipsos MORI અને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરની બહાર કોઈને પૂરો પાડવામાં આવશે નહીં.

- જો તમે ઑનલાઇન ભાગ લઈ રહ્યા હો અને મુખ્ય સર્વેમાં ભાગ લેવાને પાત્ર હશો, તો અમે, તમારી પરવાનગી/સંમતિ સાથે તમને સર્વે લિંક મોકલવા માટે ઈમેલ એડ્રેસની માંગણી કરીશું. આ પ્રશ્નમાં પૂરી પાડવામાં આવેલી તમારી સંપર્ક માહિતીનો ઉપયોગ માત્ર આ ઉદ્દેશ્ય માટે કરવામાં આવશે અને તેને Ipsos MORIની બહાર કોઈને પૂરી પાડવામાં આવશે નહીં.

- **મુખ્ય સર્વે:**
  - મુખ્ય સર્વેની શરુઆતમાં, તમને ફરી એકવાર નિમ્નલિખિત અંગત ડેટા પૂરો પાડવા માટે તમારી સંમતિ આપવા કહેવામાં આવશે: લિંગ, ઉંમર, મૂળ વંશ, ધર્મ, લગ્ન સંબંધી સ્થિતિ, જાતીય પસંદગી, જન્મનો દેશ અને પોસ્ટલ કોડ. મુખ્ય સર્વેનો અંત થશે ત્યારે અમે તમારી પરવાનગી/સમંતિ સાથે તમારી સંપર્ક માહિતી માંગીશુ જેથી યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરના સંશોધનકારો તમને ઈમેલ, ટપાલ કે લખાણ મેસેજ દ્વારા ભવિષ્યના અભ્યાસોમાં ભાગ લેવા માટે આમંત્રણ આપી શકે. સર્વેના તમારા જવાબો અને તમારી સંપર્ક માહિતી બંનેનો ઉપયોગ માત્ર સંશોધનના ઉદ્દેશ્યોથી કરવામાં આવશે અને તેને Ipsos MORI અને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરની બહાર કોઈને પૂરો પાડવામાં આવશે નહીં.
  - સર્વેના અંતે અમે તમારી સંપર્ક માહિતી માંગીશું જેથી અમે તમારો આભાર માનવા માટે તમને એક ગિફ્ટ વાઉચર કાર્ડ મોકલી શકીએ. આ પ્રશ્નમાં પૂરી પાડવામાં આવેલી તમારી સંપર્ક માહિતીનો ઉપયોગ માત્ર આ ઉદ્દેશ્ય માટે કરવામાં આવશે અને તેને Ipsos MORIની બહાર કોઈને પૂરી પાડવામાં આવશે નહીં.
  - જો તમે ભરતી સર્વેમાં ભાગ ન લો, તો અમે તમને તમારા મિત્રો અને સગાં-સંબંધીઓને આપવા માટે રેફરલ સર્વે લિંક્સ મોકલવા માટે તમારું ઇમેલ એડ્રેસ માંગી શકીએ. આ પ્રશ્નમાં પૂરી પાડવામાં આવેલી તમારી સંપર્ક માહિતીનો ઉપયોગ માત્ર આ ઉદ્દેશ્ય માટે કરવામાં આવશે અને તેને Ipsos MORIની બહાર કોઈને પૂરી પાડવામાં આવશે નહીં.

## Ipsos MORI મારા વ્યક્તિગત ડેટાની સુરક્ષાની ખાતરી કેવી રીતે આપશે?

- Ipsos MORI તેની માહિતી સુરક્ષા જવાબદારીઓને ગંભીરતાથી લે છે અને તમારી માહિતી ખોવાવા, ચોરી અથવા દુરૂપયોગથી સુરક્ષિત છે તેની ખાતરી કરવા માટે વિવિધ સાવચેતીઓને લાગુ કરે છે. સુરક્ષા સાવચેતીઓમાં કાર્યાલયોની યોગ્ય ભૌતિક સુરક્ષા અને કમ્પ્યુટર સિસ્ટમોની નિયંત્રિત અને મર્યાદિત ઍક્સેસનો સમાવેશ થાય છે.

- તમારી સંપર્ક વિગતો અને વ્યક્તિગત જવાબો સુરક્ષિત એનક્રિપ્ટ કરેલ ડેટા સર્વરોનો ઉપયોગ કરીને જુદા-જુદા સંઘરવામાં આવશે અને માત્ર Ipsos MORIના નક્કી કરાયેલ સંશોધનકારો જ તમારા ડેટા સુધી પહોંચી શકશે.
- Ipsos MORI તેના માહિતી સુરક્ષા નિયંત્રણો અને કામકાજ સંબંધી સિદ્ધાંતોનું નિયમિત આંતરિક અને બાહ્ય ઑડિટ કરાવે છે અને તેને ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ ફોર ઇન્ફર્મેશન સિક્યૉરિટી, ISO 27001 ની માન્યતા પ્રાપ્ત છે

## Ipsos MORI કેટલો સમય મારો અંગત ડેટા અને ઓળખી શકાય તેવા જવાબો જાળવી રાખશે?

- Ipsos MORI તમારા ડેટાને ફક્ત એવી રીતે જાળવી રાખશે કે જે તમારી સંશોધન પ્રોજેક્ટ અને તારણોને ટેકો આપવા માટે જરૂરી હોય ત્યાં સુધી ઓળખ કરી શકે. આ પ્રોજેક્ટ માટે, તેનો અર્થ છે:
  - સર્વે લિંક અને ગિફ્ટ વાઉચર મોકલવા માટે એકઠી કરાયેલ સંપર્ક વિગતો Ipsos MORI દ્વારા માત્ર 31 જુલાઈ 2021 સુધી રાખવામાં આવશે અને તે Ipsos MORIની બહાર કોઈને ટ્રાન્સફર કરવામાં આવશે નહીં.
  - ભાવિ સંશોધનોમાં ભાગ લેવા માટે તમને આમંત્રણ આપવા માટે એકઠી કરાયેલ સંપર્ક માહિતી Ipsos MORI દ્વારા માત્ર 31 જુલાઈ 2021 સુધી જાળવી રાખવામાં આવશે, જ્યારે ડેટા યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરના સંશોધનકારોને હસ્તાંતરિત કરાશે.
- તમે તેમની સાથે શેર કરવા માટે સંમત થશો તેવા કોઇપણ અંગત ડેટાને તેઓ કેટલા સમય સુધી જાળવી રાખશે તેની વિગતો માટે કૃપા કરીને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરની સહભાગિતા માહિતી પત્રિકા અને ગોપનીયતા નીતિ જુઓ.

## તમારા અધિકારો.

- તમારી પાસે Ipsos MORI તમારી માહિતીને રાખે છે તે મર્યાદિત સમયગાળા દરમિયાન તમારા અંગત ડેટાને ઍક્સેસ કરવાનો અધિકાર છે. તમે 17 મે 2021ના રોજ Ipsos MORI દ્વારા તેને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરને ડિલીવર કરવા માટે તેના પર પ્રક્રિયા કરવામાં આવે તે પહેલાના કોઈપણ સમયે તમને સર્વેને આપેલ જવાબો પર પ્રક્રિયા કરવા સામે વિરોધ નોંધાવી શકો છો.
- જો તમે યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરનો તેમણે તમારા વિશે રાખેલ ડેટા વિશે સંપર્ક કરવા માંગતા હો, તો કૃપા કરીને ક્લાયંટની સંપર્ક વિગતો નીચે જુઓ.

- આ સર્વેને પ્રતિસાદો પ્રદાન કરવો સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે અને તે તમારી સંમતિથી કરવામાં આવે છે.  તમને તમારી સંમતિ પાછી ખેંચવાનો અધિકાર છે.
- ઉપરાંત તમને અમારી પાસે હોય તેવા તમારા વિશેના કોઈપણ ખોટા અથવા જૂના અંગત ડેટાને સુધારવાનો પણ અધિકાર છે.
- જો તમે તમારા અધિકારોનો ઉપયોગ કરવા માંગતા હો, તો કૃપા કરીને નીચેના Ipsos MORIના સરનામાં પર અમારો સંપર્ક કરો.
- જો તમને તમારા વ્યક્તિગત ડેટા પર અમે જે રીતે પ્રક્રિયા કરીએ છીએ તેના વિશે કોઈ ચિંતા હોય, તો તમને ઇન્ફર્મેશન કમિશનરની ઑફિસ (ICO) પાસે ફરિયાદ નોંધાવવાનો અધિકાર છે. તમે ઇન્ફર્મેશન કમિશનરની ઑફિસનો સંપર્ક કેવી રીતે કરવો તે બાબતે https://ico.org.uk/global/contact-us/  અથવા casework@ico.org.ukપર  પર ઇમેઇલ મોકલીને વિગતો મેળવી શકો છો.

## મારો અંગત ડેટા ક્યાં રાખવામાં આવશે અને તેના પર પ્રક્રિયા ક્યાં કરાશે?

- આ સર્વે માટે ઉપયોગમાં લેવાયેલ અને એકઠો કરાયેલ તમારો બધો જ અંગત ડેટા યૂનાઇટેડ કિંગ્ડમ અને યૂરોપિયન યૂનિયનમાં સંઘરવામાં આવશે અને ત્યાં જ તેના પર પ્રક્રિયા કરવામાં આવશે.

## આ સર્વે અને/અથવા મારા અંગત ડેટા વિશે હું Ipsos MORI અને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરનો સંપર્ક કેવી રીતે કરી શકું?

- **Ipsos MORIનો સંપર્ક કરો:**

**ઈમેલ મોકલો:** compliance@ipsos.com અને વિષયમાં 20-089809-01 CoDE University of Manchester EVENS survey એમ લખો

ટપાલ વડે:**20-089809-01 CoDE University of Manchester EVENS survey**

Data Protection Officer
Compliance Department
Market and Opinion Research International Limited
3 Thomas More Square
London E1W 1YW
United Kingdom

- **યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરનો સંપર્ક સાધો:**

ઈમેલ: dataprotection@manchester.ac.uk

ટપાલ વડે: Evidence for Equality National Survey (EVENS)

Data Protection Officer
The Information Governance Office
Christie Building
The University of Manchester
Oxford Road
M13 9PL
United Kingdom